
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## સોપાન

પગથિયાં એ સ્વભાવે જ એક કાવ્ય છે. પૈડું જોયું કે ફેરવવાનું મન થાય જ; ધમણ જોઈ કે એને શ્વાસ લેતી કરાવ્યા વગર રહેવાતું નથી; તેમજ સોપાનપરંપરા જોઈએ કે ચડઉતર ચાલી જ.

આનું કારણ શું ? પૈડું, ધમણ અને પગથિયાં ત્રણે જીવનનાં પ્રતીક છે.

જે બાળક નાનપણમાં પૈડું ફેરવવામાં રસ લેતું તેજ મોટપણે ભાગીરથીને કાંઠે રૂષિપત્તનમાં ધર્મચક્ર ચલાવતું થયું. જે બાળક લુહારને ત્યાં ધમણ ચલાવવામાં એકાગ્ર થતુ એજ બાળક મોટપણમાં સમાજમાં પ્રાણ ફૂંકવામાં પોતાનો પ્રાણ વાપરતું થાય તો તેમાં આશ્ચર્ય શું ?

અને સોપાન ચડવાનું તો દરેક જીવનનું કાર્ય જ છે. કોણ જાણે કેટલા અબજ વર્ષો વીતી ગયાં હશે, દરેક જીવ પગથિયાં ચડતો જ જાય છે. ચોરાશી લક્ષ યોનિ એ કંઇ અતિશયોક્તિ નથી; અને જેની ઉન્નતિ થઈ છે તેનામાં દૂરદષ્ટિ–વિશાળદષ્ટિ આવવાની જ.

ત્યારે આપણે વધુ કમાવાની, વધુ સંઘરવાની ઉતાવળ શા માટે કરીએ ? માત્ર મોટા થવાની આકાંક્ષા રાખીએ, ઊંચા થવાનો પ્રયત્ન કરીએ; અને તે પણ એકદમ કૂદીને નહિ, પણ સ્થિર પગલેથી ચડીને–એક એક પગથિયાં ઉપર પોતાનો આખો ભાર મૂકીને. આટલું કરીએ એટલે આપણું કાર્ય થઇ રહ્યું. બાકીનું બધું સોપાનેશ્વર જીવનનાથ પરમાત્માના હાથમાં છે.

—કાકા કાલેલકર

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૬
અંક ૯

અષાડ
સં. ૨૦૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## विषयानुक्रम


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી નેમરાજુલનો વિયોગ | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૧૨૫ |
| ૨. | શ્રી ચૈત્યવંદન ચતુર્વિંશતિકા–સાર્થ | ( પં. શ્રી સુશીલવિજયજી ગણિ ) | ૧૨૬ |
| ૩. | મનની ચંચલતા | ( શ્રી બાલચંદ્ર હીરાચંદ " સાહિત્યચંદ્ર " | ૧૨૮ |
| ૪. | જિનપ્રતિમા અને ઇતિહાસ | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૩૧ |
| ૫. | જૈન સાહિત્યનો સર્વાંગીણ ઇતિહાસ | (શ્રી હીરાલાલ ર. કાપડિયા M.A.) | ૧૩૩ |


**ભાગવતી દીક્ષા**—ભાવનગર કૃષ્ણ નગરમાં બાળબ્રહ્મચારી **તારાબેન** કાંતિલાલ પારેખ અને **મનહબેન** પરમાનંદ ૨૨ વર્ષની વયે ભાગવતી દીક્ષા અંગીકાર કરનાર હોઈ કૃષ્ણનગરમાં મહોત્સવ કરવામાં આવેલ હતો. જે. શુદ ૧૦ ના વરસી દાનનો ભવ્ય વરઘોડો ચડયો હતો તેમજ જમણવાર કરવામાં આવેલ હતો જે. શુદ ૧૧ના વિશાળ માનવમેદની વચ્ચે પૂ. ઉપાધ્યાય શ્રી કૈલાસ સાગરજી પૂ. પં. સુબોધસાગરજી આદિની નીશ્રામાં ભાગવતી દીક્ષા ધુમધામપૂર્વક આપવામાં આવી હતી. વિમળ ગચ્છના સાધ્વીશ્રી ભાવપ્રભાશ્રીના શિષ્યા તરીકે શ્રી તારાબેનને રાજેન્દ્રશ્રી અને શ્રીં મનહરબેનને મનોજ્ઞશ્રીના નામોથી જાહેર કરવામાં આવેલ હતા.


## જીવનને ઘડવામાં ઉપયોગી

# બે પ્રાણવાન પ્રકાશનો

## જ્ઞાનપ્રદીપ ( ભાગ ૧ થી ૩ )

આ ગ્રંથમાં સ્વ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલા આધ્યાત્મિક લેખોનો સર્વ–સંગ્રહ રજૂ કરવામાં આવ્યો છે.

લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઇ જાય છે. ટૂંકામાં આત્મસિદ્ધિ માટે આ ગ્રંથ ખાસ વાચન–મનન કરવા જેવો છે. લગભગ છસો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા. ૮–૦ રાખવામાં આવેલ છે (રવાનગી ખર્ચ અલગ).

## કથાદીપ

લેખક : મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)

તત્ત્વચિંતક મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)ના આ ગ્રંથ સંબંધી સુવિખ્યાત નવજીવન પત્ર પરિચય આપતાં જણાવે છે કે—

જૈન મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું આ પુસ્તક આવકારપાત્ર છે. એમાં સંગ્રહિત થયેલી ૨૩ લઘુકથાઓ આપણા જીવનને ઘડવામાં ઉપયોગી થાય એવી છે. એમાં મુનિશ્રીનું ઊંડું ચિંતન તેમજ નિર્મળ દર્શન દૃષ્ટિએ પડ્યા વિના રહેતા નથી. દરેક કથાની શરૂઆતમાં આપેલા વિચાર-મૌક્તિકો પણ સુવિચારપ્રેરક છે. સૌને આ પુસ્તક ગમે એવું છે. કિંમત દોઢ રૂપિયો (પોસ્ટેજ અલગ) ગ્રંથરત્નો આજે જ મંગાવો.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૭ મું ] સં. ૨૦૧૫ અષાડ તા. ૧૫-૭-૫૯ [ અંક ૯મો

# શ્રી નેમ-રાજુલનો વિયોગ

(રાગ-હમ છોડ કયા કરેંગે)

દુઃખ મારૂં કયાં સુણાવું પ્રભુ ત્યાગી કેમ ગયા ?
પ્રભુ ત્યાગી કેમ ગયા ? -ટેક

વિરહનું દુઃખકારી કયમ કુમળું ઉર સાંખે ?
કયમ કુમળું ઉર સાંખે ?
રાજીમતીનું હૈયું દર્શન તમારું ઝંખે,
પ્રીત ત્યાગી કેમ ગયા ?
પ્રીત ત્યાગી કેમ ગયા ? દુઃખ મારૂં.
સારસની જોડ જેવી નવ ભવની નાથ ! પ્રીતિ,
નવ ભવની નાથ ! પ્રીતિ.
અધવચમાં ત્યાગી જાવું પ્રભુ ના એ સત્ય રીતિ
વિરાગી કેમ થયા ? (૨) દુઃખ મારૂં.
તુજ વિના સર્વ સૂનું આભૂષણ દુઃખકારી,
આભૂષણ દુઃખકારી.
ત્યાગીને સર્વ આવું તુજ ચરણે પ્રેમ ધારી,
પ્રભુ નેમ ચાહું દયા (૨) દુઃખ મારૂં.
ગિરનારે મોક્ષ પામ્યા-પામ્યા જે પૂર્ણતાને,
પામ્યા જે પૂર્ણતાને.
અજિત દિવ્ય પ્રભાથી ભવિ હૈયે પ્રેમગાને,
લક્ષ્મીસાગર મુગ્ધ થયા (૨) દુઃખ મારૂં કયાં સુણાવું ?

રચયિતા-મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# चैत्यवन्दनचतुर्विंशतिका ॥

ભાવાર્થકાર-પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણી

( સાતમા અંકના પૃષ્ઠ ૯૬ થી શરૂ )

## पंचदश तीर्थंकर—

## श्रीधर्मनाथजिनेन्द्र-चैत्यवन्दनम् (१५)

( कामक्रीडा-छन्दः )

भास्वज्ज्ञानं शुद्धात्मानं धर्मेशानं सद्ध्यानं,
शक्त्या युक्तं दोषोन्मुक्तं तत्त्वासक्तं सद्भक्तम् ।
शश्वच्छान्तं कीर्त्या कान्तं ध्वस्तध्वान्तं विश्रामं,
क्षिप्तावेशं सत्यादेशं श्रीधर्मेशं वन्दध्वम् ॥ १ ॥

દેદીપ્યમાન જ્ઞાનવાળા, શુદ્ધ આત્મસ્વરૂપવાળા, ધર્મના નાથ, ઉત્તમ ધ્યાનવાળા, શક્તિ સહિત, દોષથી મુક્ત, તત્ત્વમાં આસક્ત, ઉત્તમ ભક્તજનવાળા, સર્વદા શાન્ત, કીર્તિથી મનોહર, અજ્ઞાનરૂપી અંધકાર દૂર કર્યો છે જેણે, વિશ્રાન્તિવાળા, આવેશ દૂર કર્યો છે જેણે, સત્ય આદેશવાળા, એવા શ્રી ધર્મનાથ પ્રભુને વંદન કરો. (૧)

निःशेषार्थप्रादुष्कर्ता सिद्धेर्भर्ता संधर्ता,
दुर्भावानां दूरे हर्ता दीनोद्धर्ता संस्मर्ता ।
सद्भक्तेभ्यो मुक्तेर्दाता विश्वत्राता निर्माता,
स्तुत्यो भक्त्या वाचोयुक्त्या चेतोवृत्त्या ध्येयात्मा ॥ २ ॥

સમગ્ર અર્થના પ્રકાશક, સિદ્ધિના સ્વામી અને પોષક, દુષ્ટ ભાવોને દૂર કરનાર, દીનના ઉદ્ધારક, યાદ રાખનાર, ઉત્તમ ભક્તજનોને મુક્તિના દાતા, વિશ્વના ત્રાતા-રક્ષક, નિર્માતા, વચનરચના અને ભક્તિથી સ્તુતિ કરવા લાયક અને મનોવૃત્તિથી ધ્યાન કરવા લાયક છે આત્મ જેના એવા. (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सम्यग्दृग्भिः साक्षाद् दृष्टो मोहाऽस्पृष्टो नाकृष्टः,
स्रोतोग्रामैः सम्पज्ज्येष्ठः साधुश्रेष्ठः सत्प्रेष्ठः ।
श्रद्धायुक्तस्वान्तैर्जुष्टो नित्यं तुष्टो निर्दुष्ट-
स्त्याज्यो नैव श्रीवज्राङ्को नष्टातङ्को निःशङ्कम् ॥ ३ ॥

સમ્યગ્દૃષ્ટિવડે સાક્ષાત્ કરાએલા, મોહથી રહિત, વિષયના સમૂહથી નહિં ખેંચાએલા, સંપત્તિમાં મહાન્, સાધુઓમાં શ્રેષ્ઠ, ઉત્તમ જીવોમાં મુખ્ય, શ્રદ્ધાયુક્ત અંતઃકરણવાળા, પ્રાણીઓથી પ્રતિદિન સેવાએલા, પ્રસન્ન, દોષરહિત, શ્રીવજ્રના લાંછનવાળા, નાશ પામેલ છે વ્યાધિ જેના એવા ધર્મનાથ ભગવાન શંકારહિતપણે છોડવા નહિં. (૩) (ચાલુ)

भिक्षाऽशनं तदपि नीरसमेकवारम्
शय्या च भूः परिजनो निजदेहमात्रम् ।
वस्त्रं सुजीर्णशतखण्डमयी च कंथा
हा हा तथापि विषयान्न जहाति चेतः ॥

છપ્પો

ખાવા નીરસ અન્ન મળે તે પણ એક વાર,
સૂવા પથારી ભોંય રહેવા નહિ ઘરબાર;
મળે ઢાંકવા અંગ વસ્ત્ર એક જૂનું પાનું,
સગાં કુટુંબી માંહ્ય માત્ર છે મન પોતાનું;
હા હા મન તોય સદા તું વિષયોને વલખ્યા કરે
વળી તૃષ્ણામાં તલ્લીન છો ધિક્ ધિક્ તુંને ખરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનની ચંચલતા

લેખક-શ્રી બાલચંદ હીરાચંદ, સાહિત્યચંદ્ર

મન એક ઇંદ્રિય ગણાય છે અને એ જડ નહીં હોવાને લીધે વાયુ કે એવી બીજી વસ્તુ કરતાં પણ વધુ અસ્થિર રહે છે. પાણી સ્થિર કરવાનો પ્રયત્ન કદાચ સફલ થઈ શકે, વાયુને પણ બંધનમાં રાખવા થોડોઘણો પ્રયત્ન સફલ થાય, પણ મન એ અરૂપી હોવાથી અને એનો સ્વભાવ ચંચલ હોવાથી એને બાંધવું અત્યંત દુષ્કર છે. મહાન યોગીઓ પણ મનની ચંચલતા રોકવામાં ઘણી વખત અસફલ જ નિવડે છે. જ્યારે પરમ સાધક એવા યોગીઓ જેને સ્થિર કરી બાંધી રાખવામાં યશ મેળવી ન શકે ત્યારે સામાન્ય માણસો તેને સ્થિર કરવામાં નિષ્ફળ નિવડે એમાં આશ્ચર્ય પામવાનું કાંઈ કારણ નથી. આમ છતાં પ્રકૃતિભિન્નતાને લીધે એકાદ હીન અને નિંદ્ય કાર્યમાં માણસ મનને અંશતઃ સ્થિર કરી શકે છે. વ્યસનાધીન માણસ પોતાના વ્યસનની ઝંખના રાત-દિવસ તો શું પણ ક્ષણ ક્ષણમાં પણ રાખે છે. ત્યારે એ મન તો તેને સ્થિર માલીક થઇને નહીં પણ તેનો ગુલામ થઇને રાખે છે. તેથી ગુલામ તો માલીકની આંખ સામે જ નજર રાખી કાર્ય કરતો રહે. એને પોતાનું સ્વત્વ યાદ પણ ન આવે. પોતે મૂળમાં સ્વતંત્ર આત્મા છે. પોતાને સ્વતંત્ર અધિકાર છે, મન પોતાનો ચાકર છે, માલીક નથી–એવું એને ભાન પણ ન રહે. એને એવી પરિસ્થિતિમાં એ પરવશપણાથી મનની આજ્ઞાનું પાલન કરતો રહે ત્યારે એને એક જાતનો અંધાપો આવી જાય છે. અને મન જે ખાડામાં એને ધકેલે ત્યાં જઇને એ પડે છે. એવી પરિસ્થિતિમાં પણ એ પોતાની ભૂલ જુએ છે જ, એવો કાંઈ નિયમ નથી. ત્યારે પણ એને પોતે કરેલી મનની ગુલામી યાદ આવતી નથી. એ તો અનેક જાતના આડાઅવળા નજીકના કે દૂરના કારણો શોધી એના જ દોષ જોયા કરે છે. અને વાસ્તવિક પોતાના મનનો જ એ દોષ હતો, એ તદ્દન ભૂલી જાય છે. એવી રીતે મન પોતાનો કબજો જમાવી આપણને રખડાવી મુંઝવણમાં રાખે જ જાય છે.

મનને વાંદરાની ઉપમા આપવામાં આવે છે એનું કારણ એટલું જ છે કે, એ નિરંતર અસ્થિર અને ચંચળ રહે છે. અને ગમે તેવા અટકચાળા કરતું રહે છે. તેથી જ તેને સ્થિર રાખવું મુશ્કેલ થઈ પડે છે. આપણે હાથમાં નવકારવાળી લઈ બેસીએ અને નવકાર મંત્રનો જાપ કરવા માંડીએ ત્યારે એ મન પોતાની અસ્થિરતાનો ગુણ બતાવવા માંડે છે. આપણે એક આસન ઉપર બેસી શરીર સ્થિર કરી શકીએ છીએ, ધીમેથી નવકાર મંત્રનો ઉચ્ચાર કરતા રહી વચનની સ્થિરતા પણ મેળવી શકીએ છીએ. પણ એવા પ્રસંગે મન પોતાની ચંચલતાનો ગુણ પ્રગટ કરવા માંડે છે. અનેક જાતના સ્મરણો તાજાં કરી આપણને ભ્રમણામાં નાખવા માંડે છે અને આપણી સ્થિતિ—

**मनस्यन्यद्वचस्यन्यत्कार्यमन्यत् ॥**

જેવી કરી મૂકે છે. એટલે મન એક કામ કરતું હોય, મોઢેથી બીજા જ શબ્દો નિકળી જાય અને શરીર ત્રીજું જ કામ કરતું હોય, એવી આપણી કઢંગી સ્થિતિ બની જાય છે. આવો પ્રત્યક્ષ અનુભવ શ્રી આનંદઘનજી અને ચિદાનંદજી જેવા યોગીશ્રેષ્ઠોનો પણ થયો છે. અને તેઓ મનને સ્થિર કરતા થાકી જઈ મનને તિરસ્કારી તેના માટે અપશબ્દો ઉચ્ચારે છે ત્યારે સામાન્ય માણસનું તેમની પાસે શું ગજું?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનને બીજી ઉપમા ભૂતની આપવામાં આવે છે. અને એમાં એમ બતાવવામાં આવે છે કે, એ ભૂતને હમેશ કાંઇ ને કાંઇ કાર્ય પૂરું પાડવું જોઇએ. એ કાર્યમાં વ્યગ્ર હોય ત્યાં સુધી એ આડુંઅવળું કાંઈ કરે નહી, પણ એને સોંપેલું કાર્ય પતી ગયા પછી જ્યારે એ નવરૂં પડે છે ત્યારે એ પોતાના જ માલીકને માથે ચઢી બેસે છે. અને નાના પ્રકારની વિચારમાલા એના માથામાં જાગૃત કરી એને સાચા માર્ગ ઉપરથી પરાવૃત્ત કરી આડે માર્ગે દોરી જાય છે. એ રીતે મન ભૂત થઇને આત્માને કનડે છે. ત્યારે એ ભૂતને છૂટો કરવા માટે આપણે કાંઇ ને કાંઇ માર્ગ તો શોધવો જ જોઇએ.

મન કેટલું ચંચલ અને શીઘ્રગામી હોય છે તેનો વિચાર કરતાં આપણા જોવામાં આવે છે કે, એ એક જગ્યાએથી બીજી જગ્યાએ, એક ગામથી બીજે ગામ અગર પૃથ્વીના છેડા સુધી ક્ષણવારમાં જઈ આવે છે. અત્યંત કઠણ અને નિબિડ જંગલમાં ભટકતા એને વાર લાગતી નથી. એ પોતાની કલ્પનાના ઘોડા ઉપર ક્ષણવારમાં સવાર થઇ ગમે ત્યાં પ્રવાસે નિકળી પડે છે. એકાદ અત્યંત નજીક ગણાતા નક્ષત્ર ઉપરથી પ્રકાશનું એક કિરણ નિકળે તે આપણા સુધી પહોંચતા અગણિત પ્રકાશ–વર્ષો લાગે છે .ત્યારે મનને એટલું આંતરું કાપતાં જરા પણ વાર લાગતી નથી. અત્યંત અગમ્ય એવા સ્થાને એ પહોંચી જઇ નવી નવી દુષ્ટ વાસનાઓની કમાણી કરી લાવે છે. અને પોતાનો માલીક જે આત્મા તેને ગમે ત્યાં રખડાવતું જ રહે છે. એવું આ મન ચંચલ અટપટું અને ચપલ છે, એ સ્પષ્ટ જોવામાં આવે છે. અને મન જ્યારે પોતાનો ધણી જે આત્મા તેને માથે સવાર થઇ જાય છે ત્યારે એની બુદ્ધિ નષ્ટ થઈ જાય છે. અને એ સ્પષ્ટ રીતે આંધળો, બહેરો અને મૂંગો થઈ જાય છે. પછી તો આ કાર્ય કરવા લાયક છે કે છોડવા લાયક છે એ એને જણાતું નથી. કોઇનો ઉપદેશ એના કાન સુધી પહોંચી શકતો નથી. અને કોઇની સલાહ લેવાતું પણ એને સુઝતું નથી. એટલું જ નહીં પણ એવી સલાહ આપી શકે તેવા લાયક માણસોથી મ્હોં છુપાવી તે દૂર ભાગે છે. અને પરિણામનો વિચાર કર્યા વગર જ એ ગમે તેવા નીચ કૃત્યો કરવા તૈયાર થઈ જાય છે. એનું એ મન પોતાનું છતાં પોતાના જ હિતવિરુદ્ધ કાર્યો છડેચોક કર્યે જાય છે. અને આપણે મુંગે મોઢે એ બધું સહન કરતા રહીએ છીએ. એ આપણી કેવી નબળાઈ ! કેવી મૂર્ખતા ! અને કેવી નાલાયકી !

આપણો ઇતિહાસ અને આપણી પરંપરા આપણને આપણી નબળાઇનુ પરિણામ કહી આપે છે. તેમ એવા એ અગમ્ય અને શોધી નહીં શકાય એવા મનને પણ નાથવાને સમર્થ નિવડ્યા તેમજ તેને બરાબર પોતાનું કહ્યું કરવા લગાડનારા મહાત્માઓ આ જગતમાં ઉત્પન્ન થયા એવા સંતોના ઇતિહાસ પણ આપણી નજર સામે છે જ. જ્યારે આપણે જાણીએ છીએ કે, તેઓ પણ આપણા જેવા જ મનના તાબે થએલ માનવો જ હતા અને પોતાની દીર્ઘ સાધના અને આત્મબળના પરાક્રમવડે મનોનિગ્રહ કરી શક્યા હતા, એ પ્રત્યક્ષ જોવામાં આવે છે. ત્યારે આપણે પણ તેવો પ્રયત્ન શા માટે ન કરી શકીએ ? જે વસ્તુ તેઓ કરી શકયા તે જ વસ્તુ આપણા માટે અશકય શા માટે હોઈ શકે ? કહેવું પડશે કે, આપણે તેવા પ્રકારથી મનને તાબે કરવા માટે પ્રયત્ન કરતા નથી, એ આપણી જ નબળાઇ છે. આપણે જો એમજ માની બેસી રહીએ કે, આપણાથી કાંઇ જ બનવાતું નથી ત્યારે આપણી નબળાઇનો કયારે પણ અંત આવવાનો નથી, માટે આપણે આજથી જ નહીં પણ અત્યારથી જ તે માટે અર્થાત મનને તાબે કરવાના પ્રયત્નો શરૂ કરવા જોઇએ. એ પ્રયત્નો શી રીતે કરી શકાય તેનો આપણે વિચાર કરીએ.

આપણે જો સારી રીતે લખી અને વાંચી શકીએ તેમ હોઇએ તો જ્ઞાની પંડિત સંત મહાત્માઓએ લખેલ શિષ્ટ ગ્રંથોનું વાચન આપણે કરવું જોઇએ. વાચન ભલે થોડું હોય પણ તે મનનપૂર્વકનુ હોવુ જોઇએ. એમાં જે શંકાસ્થળો જોવામાં આવે અગર

For Private And Personal Use Only

આપણી સમજણમાં આવી ન શકે ત્યારે એવા સ્થળોની અને શંકાની નોંધ એક નોંધપોથીમાં કરી લેવી જોઇએ અને આપણા કરતાં વધુ જ્ઞાની હોય તેમની પાસેથી સમાધાન મેળવી લેવું જોઇએ. એમ કરી આપણું વાચન આપણા મન સાથે અને બુદ્ધિ સાથે સુસંગત કરી લેવું જોઈએ. અર્થાત્ જીરવવું જોઇએ. અને એમ કરતાં એ જ વાચન વારંવાર કરવું પડે તો પણ આપણે તૈયાર રહેવું જોઇએ. એમ કરી મનને આપણે એક ખોરાક પૂરો પાડી શકીએ. એ ખોરાક મનને રોકી રાખી શકે. અને ચંચલ મનને આપણે કાંઈક તાબે કરી શકીએ. આમ તો રોજની એકાદ કલાકની પણ ટેવ પાડી શકીએ તો આપણે ઘણું કાર્ય કરી શકીએ તેમ છીએ. એટલે મનને તાબે કરવા માટે જ્ઞાનની ઉપાસના એ શ્રેષ્ઠ માર્ગ છે.

આપણી આવડત ઓછી હોય તો જ્ઞાની એવા કોઇ સંત હોય કે કોઇ ગૃહસ્થ હોય તેમની પાસે જ્ઞાન ભણવા કે સાંભળવા જવું જોઇએ. આમ કરવાથી પણ આપણે મનોલયનું કાર્ય થોડા પ્રમાણમાં કરી શકીએ. માત્ર આમ કરતા એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખ્યું એમ નહીં થવું જોઇએ ત્યારે સાંભળ્યું તેનું મનન પણ કરી તે જીરવવા શીખવું જોઇએ. તો જ કાંઇક ઇષ્ટસિદ્ધિ થઇ શકે. આવું કાર્ય પણ નહીં કરતા આવડે એવા ભાઇ બહેનોએ નવકાર કે લોગસ્સનો જાપ કરવો પસંદ કરવો. માત્ર તે માટે જગ્યા યોગ્ય એવી પસંદ કરવી જોઇએ. જે જગ્યામાં કોઇની અવરજવર ન હોય, ઉપાધી રહિત હોય, એવી જગ્યામાં આસન ઉપર સ્થિર થઇ કોઇ પણ અન્ય કાર્યની વ્યગ્રતા કે ઝંખના છોડી ફક્ત જાપ કરવાની જ ઇચ્છા અને નિશ્ચય કરી સ્થિરતાપૂર્વક જાપ મુખથી કરવો જોઇએ. કાઉસગ્ગની પેઠે મૂંગે મોઢે જાય કરવો એ સારું છે ખરું, પણ મન એવી વસ્તુ છે કે તેમાંથી પણ વખત મેળવી એ પોતાનું વિચિત્ર કાર્ય શરૂ કરી આમતેમ ભટક્યા કરે છે અને જાપની સંકલના તોડી પાડે છે, માટે જો મોટેથી ઉચ્ચાર કરી જાપ કરવામાં આવે તો મનને આમતેમ દોડી જવ ને અવકાશ ન મળે. અને ઉચ્ચાર પણ બરાબર છે કે કેમ તેની પણ આપણે ખાત્રી કરી શકીએ અને આમ કરતા મનને કાંઇક કામ મળે અને એ કાંઇક એકાગ્ર બને. આવો જાપ પણ મનઃશુદ્ધિનું ઘણું કાર્ય કરી શકે.

કહેવાની મતલબ એટલી જ છે કે, મનને કોઈ ઊંચી જાતના કાર્યમાં રોકી રાખવું જેથી એને કાંઇક સ્થિરતા આવે. આમ કરીને જ આપણે મનને કાંઇક કાર્ય પૂરું પાડી શકીએ. અને તેને ગમે તેવા અટકચાળા કરતા રોકી શકીએ. અમુક જ પ્રકારનું જ કાર્ય કરવું જોઇએ એવો એનો અર્થ નથી. દરેક વ્યક્તિએ પોતાની શક્તિ અને આવડતનો વિચાર કરી મનને ઠેકાણે લાવવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

निजगुणगरिमा सुखाकरः स्यात्
स्वयमनुवर्णयतां सतां न तावत् ।
निजकरकमले न कामिनीनाम्
कुचकलशाऽऽकलनेन को विनोदः ? ॥

શાર્દૂલ

આપે આપ વખાણતાં ગુણીજનો પામે ન સંતોષને,
શ્લાઘા અન્ય મુખે સુણી સ્વગુણની આનંદ પામે મને;
પોતાના કરથી કરે કુચતણું ભારે ભલે મર્દન,
શું તેથી સુખ થાય આ જગતમાં લેશે ય સ્ત્રીને મને.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનપ્રતિમા અને ઇતિહાસ

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

વર્તમાન કાળમાં ઐતિહાસિક વસ્તુ ઉપર વધુ મહત્ત્વ અપાઈ રહ્યું છે અને એક રીતે કહીયે તો ભૂતકાલીન વૃત્તાન્તના અંકોડા સાંધવાનું એ મુખ્ય સાધન છે. જ્ઞાની ભગવંતોએ આ પંચમ કાળમાં ભવ્યાત્માઓ માટે તરવાના સાધનમાં જિનબિંબ અને જિનાગમને મુખ્ય લેખ્યા છે અને એ અક્ષરશઃ સાચા છે એટલું જ નહીં પણ આજના વૈજ્ઞાનિક યુગમાં ઇતિહાસ ઉપર જે ભાર મૂકાય છે એ ઇતિહાસ પ્રાપ્ત કરવાના સુંદર સાધનો પણ છે. અહીં એમાંના જિનબિંબ સંબંધી ઉલ્લેખ કરી એ દર્શાવવાનો આશય છે કે ભૂતકાળમાં જૈન ધર્મ પાળતા નર-નારીઓ પોતાના કિંવા સ્વર્ગસ્થ થયેલ સ્વજનોના-શ્રેયાર્થે જિનબિંબ ભરાવતા અને એની પૂજા જાતે કરતા હતા. એકચિત્તે ધ્યાન કરવામાં ઘરના એકાંત ભાગમાં રાખવામા આવેલ આ બિંબો સાચે જ અણમૂલા સાધનરૂપ નિવડતા. ઉપરાંત જૂદા જૂદા વ્યવસાયની રોકાણમાં ક્ષતિ ન પહોંચે એ રીતે ઉપાસકો પ્રભુભક્તિ માટે પોતાને ઠીક જણાય તેવો સમય નક્કી કરી ત્રણ પુરુષાર્થમાંના ધર્મપુરુષાર્થની સાધના સરળપણે કરી શકતા. બાબુસાહેબ પુરણચંદ્રજી નહારે જૈન લેખસંગ્રહ નામના જે ઐતિહાસિક ગ્રંથો પ્રગટ કર્યાં છે એના બીજા ખંડમાં કલકત્તાથી આરંભી મદ્રાસે પૂર્ણાહુતિ કરતાં લગભગ કેટલીક કલ્યાણકભૂમિઓમાં તેમજ જૈન વસ્તીવાળા મોટા શહેરોમાં જે જિનમૂર્તિઓ જોવામાં આવી એના ઉપરના લેખોનો સંગ્રહ કરેલો છે. ખંડ બીજો હોવાથી ક્રમાંક ૧૦૦૧ આરંભ કરી ૨૧૧૧ સુધી એનો આંક પહોંચાડ્યો છે. એ ઉપરાંત વર્તમાન કાળની પદ્ધતિ મુજબ એમાં પ્રતિષ્ઠા થયેલ સ્થળોની યાદી, આચાર્યોના નામ તથા ગચ્છ અને સંવત પણ પ્રાંતભાગે જૂદા આપેલ છે. બિંબ ભરાવનાર શ્રાવક-શ્રાવિકાના નામો અને ગોત્રોની માહિતી પણ લેખમાં હોવા છતાં તારવણી કરી જૂદી આપેલી છે. એમાં જે બે બાબતો મોટા પ્રમાણમાં તારવી શકાય તેવી અને ઊડીને આંખે વળગે તેવી છે તે એ કે એક તો પ્રતિષ્ઠા કરનાર આચાર્યોના નામની છે. એમાં ગચ્છનું નામ અને કોઈ પણ જાતના વિશેષણ વગર સૂરિજીનું નામ. બીજી બાબતમાં બિંબ ભરાવનાર નર-નારીના નામ તેમજ ગોત્ર અને વધારામાં કોના રાજ્યકાળે, કયા નગરે અને એ વેળા કયો સંવત હતો તેની નોંધ છે. ઐતિહાસિક દૃષ્ટિયે ઉપરની દરેક બાબત અતિ મહત્ત્વની છે. ધાર્મિક દૃષ્ટિયે જોઇએ તો એમાં આ પવિત્ર કાર્ય કરનાર અને કરાવનારની આત્મકલ્યાણ અંગેની દૃષ્ટિ મુખ્ય છે. એની સાથે આજની સરખામણી કરવામાં આવે તો જે તફાવત માલુમ પડે છે એ દૃષ્ટિ નથી અને એ પાછળ નામનાનો મોહ વધુ જણાય છે. જે વિગત ગણત્રીની લીંટીઓમાં સમાવાતી ત્યાં આજે મોટા શિલાલેખોનું આકર્ષણ વધ્યું છે. પ્રતિષ્ઠા કરાવનાર આચાર્યના નામો આગળ જાતજાતના વિશેષણો લખવામાં આવે છે. પદવી ઉપરાંત બીજો સંભાર ભરાય છે. ભાવને સ્થાને દ્રવ્યના આંકડા અને વંશાવળીના નામો જોર પકડતા જાય છે. આજે જ્યારે વીર સંવતની ખાસ અગત્ય છે ત્યારે ઘણા ખરામાં એના દર્શન પણ નથી થતાં ! આ ચલાવી લેવા જેવું છે કે કેમ ? એનો વિચાર તો પૂજ્ય ગણે અવશ્ય કરવા જેવો છે. પૂર્વે ઉપાસકો જાતે પૂજન કરતા હતા જ્યારે આજે એ સંખ્યા તો નાની થતી ચાલી છે અને પૂજાની ક્રિયા મોટા ભાગે પગારદાર પૂજારીઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીરે ગૂંકાયેલી દષ્ટિગોચર થાય છે ! જે પરિવર્તન માંગી રહેલ છે. ચારૂપ અને રતલામના બનાવો જૈનેતર પૂજારીનાં કારણે જ ઉદ્દભવ્યા છે. અહીં તો નિમ્ન પ્રકારના બે ઉતારા તેમજ આપણા પૂર્વજો દેશ કાળના એંધાણ પારખવામાં કેવા કુશળ હતા તેનો એક પ્રસંગ એ ગ્રંથમાંથી ઉધ્ધૃત કરી આ વિષય પૂર્ણ કરીશું

નં 1098 सं. १५३१ वर्षे मार्ग वदि १२ साधुला गोत्रे साह पाल्हा भा० रद्दवादे पु० सा० तेजा भा० तेजलदे पु० बलिराज वीसल सोसा। माणिकादि युतेन श्रीपार्श्वनाथबिंबं का० प्र० श्रीधर्मघोषगच्छे श्रीपद्मशेखरसूरिपट्टे श्रीपद्माणंदसूरिभिः ॥

નં. 1106 संवत १६८६ वैशाख सुदि ८ उदयपुर वास्तव्य उसवाल ज्ञातिय वरडिया गोत्रे सा० पीथाकेन पुत्रपौत्रादि सहितेन विमलनाथबिंबं का० प्र० त० भट्टारक श्रीविजयदेवसूरिभिः। आचार्यश्रीविजयसिंहसूरिभिः।

નીચેનો પ્રસંગ લખનૌના જિનબિંબો સંબંધી છે અને એ લેખ સંગ્રહના પાના ૧૩૧ ઉપર ટાંકેલો છે. બિંબમાં કોના રાજ્યકાળે પ્રતિષ્ઠિત કરવામાં આવેલ તેની નોંધ હોય છે. એ સંબંધમાં જહાંગીર પાદશાહને કેવું ભરમાવવામાં આવ્યું અને એના નિવારણ અર્થે કેવો ફેરફાર કર્યો તે નીચેના ઉલ્લેખથી જોવાય છે.

दिल्लीसम्राट जहांगीर के समय ये (નં. ૧૫૭૮ થી ૧૫૮૪ સુધીના ક્રમાંકવાળી) मूर्तियां की प्रतिष्ठा हुई थी, उस समय पातसाह को कई लोगोंने कहदिया कि सेवडोने (जैनी लोगोंने) मूर्तियां बनवाई है और हजूरके नामको अपने जुतोंके (मूर्तियोंके) पैरों के नीचे लिख दिया है। फिर क्या था। पातसाह के क्रोधका पार न रहा। श्री संघने पातसाहका क्रोध शांत हुवे तथा राज्यके तर्कसे सर्व प्रकारका अनिष्ट दूर करनेको ये मूर्तियों के मस्तक पर पातसाह का नाम खुदवा दिया था ऐसा प्रवाह है।

નં. ૧૫૭૯. (१) संवत १६७१ वर्षे वैशाख सुदि ३ शनौ उसवालज्ञाती (७) विद्यमान श्रीअजितनाथबिंबं प्रतिष्ठापित ॥ श्रीरस्तु ॥ (मस्तक पर) पातिसाह श्रीजहांगीरविजयराज्ये.

આવી મૂર્ખામીના કારણે 'જહાંગીરી' શબ્દ કહેવતરૂપ બન્યો જણાય છે.

वलिभिर्मुखमाक्रान्तं पलितैरंकितं शिरः ।
गात्राणि शिथिलायन्ते तृष्णैका तरुणायते ॥

શ્વેત થયા શિર કેશ ને, જીર્ણ થયું સહુ અંગ;
ડાચાં છેક મળી ગયાં, તૃષ્ણા થઇ નવરંગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્યનો સર્વાંગીણ ઇતિહાસ

( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

સાહિત્યની વ્યાખ્યા વ્યાખ્યામાં ભેદ છે. એનાં બે કારણ છે: (૧) વ્યાખ્યાકારનું માનસિક વલણ અને (૨) બાહ્ય પરિસ્થિતિ. આથી તો હું અહીં "સાહિત્ય"થી જે સૂચવવા ઇચ્છું છું તેના સ્પષ્ટીકરણથી જ આ લેખનો પ્રારંભ કરું છું. કેટલાક [1]લલિત સાહિત્યને જ સાહિત્ય ગણે છે અને લલિતેતર સાહિત્યની વાત જતી કરે છે. મારે મન તો [2]લલિતેતર સાહિત્ય પણ સાહિત્ય છે. આગળ વધીને કહું તો કેવળ ગ્રન્થસ્થ રચનાઓનો જ સાહિત્યમાં અંતર્ભાવ થાય છે એમ નહિ, પરંતુ શિલાલેખો અને તામ્રપત્રો જેવામાં ઉત્કીર્ણ કરાયેલી કૃતિઓ પણ સાહિત્યનો એક ભાગ છે.

જૈન સાહિત્ય એટલે મુખ્યતયા જૈન આચાર-વિચારનું વ્યવસ્થિત અને ચિન્તનપૂર્વકનું લિપિબદ્ધ નિરૂપણ. આ જાતના સાહિત્યના સર્જકો કેવળ જૈન જ નથી, પરંતુ અજૈનો પણ છે, જો કે તેમની સંખ્યા જૈનોને મુકાબલે ઘણી નાની છે. જૈનોએ અજૈન સાહિત્યને પલ્લવિત કરવામાં જેટલો ફાળો આપ્યો છે એટલો ફાળો અજૈનોએ જૈન સાહિત્યના સંવર્ધનાર્થે આપેલો જણાતો નથી. [3]એમાં અનેકાન્ત જેવી ઉદાર અને ઉત્તમ નીતિના આચરણ પ્રત્યેની અજૈનોની મનોદશા કારણરૂપ હશે.

સાહિત્યની અને ખાસ કરીને જૈન સાહિત્યની જે વ્યાખ્યા મેં ઉપર દર્શાવી છે એ ઉપરથી જૈન સાહિત્યનું ક્ષેત્ર કેટલું બધું વિશાળ છે તે સમજાયું હશે. એની આ વિશાળતા લેખકાદિને જેમ આભારી છે તેમ એની ગૂંથણી માટે કામમાં લેવાયેલી અને લેવાતી ભાષાઓ પણ કારણભૂત છે. વાત એમ છે કે જૈન સાહિત્ય એ આપણા આ દેશની—ભારતવર્ષની પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ભાષામાં જ રચાયેલું અને રચાતું નથી, પરંતુ એનો સંબંધ તો અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન ઇત્યાદિ વિદેશી ભાષાઓ સાથે પણ છે.

ભાષાની જ નહિ પણ વિષયોની વિવિધતા પણ જૈન સાહિત્યના સર્વાંગીણ ઈતિહાસ ( A Comprehensive History of the Jaina Literature)ના યથાયોગ્ય સર્જન માટેની મુશ્કેલીમાં વધારો કરે છે. સાચો, સચોટ અને સંપૂર્ણ તેમ જ સર્વતોભદ્ર ઈતિહાસ આલેખવો એ મહાભારત કાર્ય છે—એમાં ભગીરથ પુરુષાર્થની અપેક્ષા રહે છે. તેમ છતાં અત્યાર સુધીમાં જે પ્રયાસો જૈન સાહિત્યના ઇતિહાસના સર્જનાર્થે થયા છે અને થાય છે તે જોતાં આ અત્યંત વિકટ પરંતુ આવશ્યક કાર્ય પણ થોડા વખતમાં સિદ્ધ થઈ શકશે એમ લાગે છે. અલબત્ત એમાં જેમ સહૃદય સાક્ષરોનો સહકાર આવશ્યક છે તેમ ઉદાર દિલના સાહિત્યરસિક લક્ષ્મીનંદનોની આર્થિક સહાયતા પણ અપેક્ષિત છે.

---

૧. 'લલિત' સાહિત્યથી શ્રવ્ય અને દૃશ્ય કાવ્યો, વાર્તાઓ ઇત્યાદિ અભિપ્રેત છે.

૨. લલિતેતર સાહિત્ય તરીકે તત્ત્વચિન્તન, બોધપ્રધાન સાહિત્ય, ભાષાશાસ્ત્ર ઇત્યાદિ ગણાવાય છે.

૩. અજૈનોનાં જૈન સાહિત્યને અર્પણ તરીકે હાલ તુરત એટલું જ સુચવીશ કે વાગ્ભટકૃત **વાગ્ભટાલંકાર** ઉપર કૃષ્ણશર્મા, ગણેશ વગેરેએ ટીકા રચી છે અને **સોમદેવસૂરિકૃત નીતિવાક્યામૃત** ઉપર હરિનસે કે એમના ગુરુએ-કોઈ હરિભક્તે ટીકા રચી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે તો વિશ્વ-સાહિત્યનો ઇતિહાસ રચવાની વાતો થાય છે (અને અમુક અંશે એ કાર્ય આરંભાયું પણ છે) અને એમાં કશું ખોટું કે અસંભવિત નથી, કેમકે આધુનિક વૈજ્ઞાનિક શોધખોળોને લઇને આજે આપણી દુનિયાના સામસામા બે છેડા વચ્ચેનું ભૌગોલિક અંતર લુપ્તપ્રાય બન્યું છે-આજે આપણી દુનિયા એક મહાકુટુંબ જેવી બની ગઈ છે.

વિશ્વ સાહિત્યના ઈતિહાસમાં ભારતીય સાહિત્યના ઈતિહાસનું સ્થાન એ સાહિત્યની વિશાળતા, વિવિધતા અને વરેણ્યતાને લઈને જેવું તેવું નથી, પરંતુ સખેદ કહેવું પડે છે કે એ દિશામાં વિદેશી વિદ્વાન સદ્‌ગત પ્રો. મોરીસ વિન્તર્નિત્સે જર્મન ભાષામાં પ્રશંસનીય પ્રયાસરૂપે એક મહત્ત્વનો [1]ગ્રંથ રચ્યો અને એને અનુલક્ષીને આપણા દેશના કેટલાક સાક્ષરોએ પણ આ દિશામાં કેટલુંક કાર્ય કર્યું છે[2] તેમ છતાં ભારતીય સાહિત્યનો ઇતિહાસ હજી અપૂર્ણ જ છે અને ઉપર્યુક્ત જર્મન ગ્રંથના અંગ્રેજી અનુવાદમાં જૈન સાહિત્યનું સુરેખ અને સહૃદયતાપૂર્વકનું નિરૂપણ છે પણ એ તો આધુનિક પ્રકાશનો જોતાં ઘણું અપૂર્ણ ગણાય તેવું છે. ખુદ પ્રો. વિન્તર્નિત્સે મને એક પત્ર દ્વારા, પોતાના ગ્રંથમાં કેટલીક નવીન સામગ્રી ઉમેરી એને પરિપૂર્ણ બનાવવા પ્રયાસ કર્યાનું લખ્યું હતું. એ પુરવણીપૂર્વકના જર્મન ગ્રંથનો અંગ્રેજી અનુવાદ આજે વર્ષો વીત્યાં છતાં પૂરેપૂરો પ્રકાશિત થયો નથી. કલકત્તા વિદ્યાપીઠે અંગ્રેજી અનુવાદ તરીકે A History of Indian Literatureના નામથી[3] બે ભાગ પ્રસિદ્ધ કરી જર્મન ભાષાથી અનભિજ્ઞજનો ઉપર ઉપકાર કર્યો છે તે અવશિષ્ટ લખાણનો અનુવાદ તૈયાર કરાવી પ્રસિદ્ધ કરી એ વિદ્યાપીઠ એમાં વધારો કરે એમ હું ઇચ્છું છું.

જૈન સાહિત્યનો સર્વાંગીણ ઇતિહાસ રચવા માટે કોઈ એક જ પદ્ધતિ સ્વીકારવી પડે તેમ નથી. એનું કારણ એ છે કે આ સાહિત્યના ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુ અનુસાર વિવિધ વર્ગો પાડી શકાય તેમ છે. દાખલા તરીકે હું નીચે મુજબનું વર્ગીકરણ એની પાછળ રહેલી વિવક્ષાના ઉલ્લેખપૂર્વક દર્શાવું છું :—

### [૧] શ્વેતાંબર સાહિત્ય અને દિગંબર સાહિત્ય [4]

આમ જૈન સાહિત્યના બે વિભાગ પાડનાર સંપ્રદાયને મહત્ત્વ આપે છે. અહીં એ ઉમેરીશ કે 'યાપનીય' સાહિત્ય ઉપર્યુક્ત બંને પ્રકારના સાહિત્યના પ્રમાણમાં ઘણું થોડું મળે છે, યાપનીય સંપ્રદાયના આજે કોઈ ખુલ્લંખુલ્લા અનુયાયી નથી તેમજ યાપનીય મંતવ્યોનો ઝોક શ્વેતાંબર સંપ્રદાય તરફ વિશેષ છે. આને લઈને શ્વેતાંબર સાહિત્યની સાથેસાથે—ભેગો જ યાપનીય સાહિત્યનો વિચાર કરી શકાય તેમ છે. આથી મેં સંપ્રદાયની દૃષ્ટિએ જૈન સાહિત્યના ત્રણ વિભાગ ન સૂચવતાં બે જ સૂચવ્યા છે.

### [૨] આગમિક અને અનાગમિક સાહિત્ય

ઉપલબ્ધ જૈન સાહિત્યમાં કેટલાક આગમો (દા. ત. આયારનો પ્રથમ સુયકખંધ [શ્રુતસ્કંધ] સૂયગડ અને ઉત્તરજ્ઝયણ) સૌથી પ્રાચીન છે. આથી

૧ આ બે ખંડમાં વિભક્ત કરાયેલા ગ્રંથનું નામ *Geschichte der Indischen Litteratur* છે.

૨ આની નોંધ મેં મારા પુસ્તક નામે **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ**(ખંડ ૧)ના ઉપોદ્‌ઘાત (પૃ. ૭૧)માં લીધી છે.

૩ પ્રથમ ભાગ ઈ. સ. ૧૯૨૭માં અને દ્વિતીય ભાગ ઇ. ૧૯૩૩માં છપાયેલ છે.

૪. શ્વેતાંબરો પહેલા કે દિગંબર એ વિવાદગ્રસ્ત પ્રશ્ન છે. એથી કરીને લેખક પોતાની માન્યતા અનુસાર જૈન સાહિત્યના આ બે વિભાગમાંથી એકને પ્રથમ સ્થાન આપી શકે તેમ છે. દિગંબરો તરફથી જૈન સાહિત્યનો ઇતિહાસ રચાયાની જે વાત થોડા વખત ઉપર રજૂ થઈ હતી તેમાં દિગંબર સાહિત્યને આદ્ય સ્થાન અપાયું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને તેમજ આગમોને અંગેના સાહિત્યની જૈન દૃષ્ટિએ વિશેષ ઉપયોગિતા અને મહત્તા હોવાથી તેમજ આગમિક સાહિત્ય લગભગ પાંચ લાખ શ્લોક જેવડું આજે મળતું હોવાથી આગમિક સાહિત્યને પ્રથમ સ્થાન આપવા કોઈ પ્રેરાય અને કેટલાક પ્રેરાયા પણ છે તેમાં ખોટું નથી. આ સંબંધમાં હું બે સંસ્થાઓનો ઉલ્લેખ કરું છું :

(૧) મુંબઈ સરકારની માલિકીની લગભગ પચ્ચીસ હજાર હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર તૈયાર કરાવી એ પ્રકાશિત કરવાનું કાર્ય પુનાનાં "ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર" તરફથી ત્રણેક દસકાથી કરાય છે. તેમાં જૈન સાહિત્યને લગતી પ્રતિઓના સૂચીપત્ર માટે આગમિક સાહિત્યને પ્રથમ સ્થાન અપાયું છે. DCGCMનો સત્તરમો ખંડ આ સાહિત્યને અંગેનો છે, જ્યારે એનાં પછીના ત્રણ ખંડો અનાગમિક સાહિત્યને લગતા છે.

(૨) અમૃતસરની "સોહનલાલ જૈન ધર્મ પ્રચારક સમિતિ"ના ઉપક્રમે બનારસમાં જે "પાર્શ્વનાથ વિદ્યાશ્રમ" ઈ. સ. ૧૯૩૭માં સ્થપાયું છે તેણે ઈ. સ. ૧૯૫૩માં જૈન સાહિત્યનો ઈતિહાસ પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો. એની રૂપરેખામાં જે ચાર ખંડ દર્શાવાયા છે તેમાં આગમિક સાહિત્યને અગ્ર સ્થાન અપાયું છે.

મેં પણ જૈન સાહિત્યના ઈતિહાસની રચના માટે આ જ સાહિત્યને આદ્ય સ્થાન ઇ. સ. ૧૯૩૯માં આપ્યું હતું.

આ દ્વિતીય વર્ગીકરણને અનુલક્ષીને મેં નીચે મુજબનાં બે પુસ્તકો અંગ્રેજીમાં યોજ્યાં છે :—

1. A History of the Canonical literature of the Jainas.

2. A History of the Non-canonical literature of the Jains.

**[૩] પાઇય [ પ્રાકૃત ] સાહિત્ય, સંસ્કૃત સાહિત્ય, દ્રાવિડ સાહિત્ય અને ગુજરાતી વગેરે પ્રાદેશિક ભાષાઓમાં રચાયેલું સાહિત્ય.**

આમ જે અહીં ચાર વિભાગ મેં દર્શાવ્યા છે તેમાં જૈન સાહિત્યની ભાષા અનુસાર વહેંચણી છે. ઉપલબ્ધ જૈન સાહિત્યના સૌથી પ્રાચીન ગ્રંથો પાઇયમાં છે. કાલાંતરે સંસ્કૃતમાં ગ્રંથો રચાયા[૧] છે. દ્રાવિડ ભાષામાં જૈન ગ્રંથો ક્યારથી રચાયા એની તપાસ બાકી રહે છે. પણ એમ લાગે છે એ કાર્ય સંસ્કૃત ગ્રંથોની રચના થયા પહેલાં નહિ થયું હોય. ગુજરાતી વગેરે પ્રાદેશિક ભાષાઓમાં રચાએલું સાહિત્ય સૌથી અર્વાચીન છે, જોકે ગુજરાતી સાહિત્ય લગભગ આઠ સો વર્ષ જેટલું તો પ્રાચીન છે જ.

**[૪] સાર્વજનીન સાહિત્ય અને ધાર્મિક સાહિત્ય**

જે સાહિત્ય સૌ કોઈને—કોઈપણ ધર્મના અનુયાયીને ઉપયોગી થઈ પડે તેવું હોય તેને હું 'સાર્વજનીન સાહિત્ય' કહું છું. એમાં વ્યાકરણ, કોશ, છંદ, અલંકાર, નાટ્યશાસ્ત્ર, સંગીત, કામશાસ્ત્ર, ચિત્રકળા, સ્થાપત્ય, મુદ્રાશાસ્ત્ર, ગણિત, નિમિત્ત, વૈદ્ય, પાકશાસ્ત્ર, વિજ્ઞાન અને નીતિને સ્થાન છે. એ સિવાયનું જૈનોનું સાહિત્ય જૈનોનાં મંતવ્યોથી ઓછેવત્તે અંશે રંગાયેલું છે અને એ રીતે સાંપ્રદાયિક છે. આ હિસાબે સાર્વજનીન સાહિત્ય બિનસાંપ્રદાયિક ( Secular ) છે. આ પ્રકારના સાહિત્યના બે ભેદ પાડવા પાછળ સાહિત્યના ઉપયોગની સીમા કારણભૂત છે. મેં આ જાતના બે વિભાગોને લક્ષ્યમાં રાખી જૈનોના પાઇય સાહિત્યનો તેમજ સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ રચેલ છે.

પ્રથમ વિભાગ પૂરતા પુસ્તકનું નામ **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય છે,** જ્યારે બીજા વિભાગને અંગેના પુસ્તકનું નામ **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** છે. એ ત્રણ કટકે પ્રસિદ્ધ થનાર છે. એનો પ્રથમ ઉપખંડ સાર્વજનીન સાહિત્યને લગતો

૧. પુવ્વ (પૂર્વ) સંસ્કૃતમાં રચાયાં હોય તો એ વાત જુદી છે.

૨ આ "મુક્તિ-કમલ જૈન મોહનમાલા"માં છપાવાયો છે. આ ખંડના ઉપોદ્ઘાત(પૃ. ૬૯-૭૧)માં મેં સંસ્કૃત સાહિત્યને લગતા જે ગ્રંથો ભારતીય તેમજ અભારતીય ભાષામાં રચાયાં છે તેની નોંધ લીધી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. બીજા ખડના પ્રથમ ઉપખંડમાં લલિત સાહિત્યને અને ત્રીજા ખંડના બાકીના ત્રણ ઉપખંડોમાં દાર્શનિક સાહિત્ય, અનુષ્ઠાનાત્મક સાહિત્ય અને અવશિષ્ટ સાહિત્યને સ્થાન અપાયું છે. પ્રથમ ખંડરૂપ પ્રથમ વિભાગમાં સત્તર પ્રકરણો છે અને એમાં ઉપર્યુક્ત સોળ વિષયોનું નિરૂપણ છે. અનુક્રમે નવ અને અગિયાર પ્રકરણો છે. આમ આ સમગ્ર પુસ્તકમાં કુલ્લે ૩૭ પ્રકરણો છે. બીજા વિભાગના પ્રકરણોના નામ નીચે મુજબ છે :—

પ્રકરણ ૧૮ બૃહત્ પદ્યાત્મક શ્રવ્ય કાવ્યો : જિનચરિત્રો અને પુરાણો.
" ૧૯ " " " " (ચાલુ) : પ્રકીર્ણક ચરિત્રો, પ્રબન્ધો અને કથાઓ.
" ૨૦ શ્રવ્ય કાવ્યો (ચાલુ) : દ્વયાશ્રય-કાવ્યો, અનેક સન્ધાન-કાવ્યો અને ચંપૂઓ.
" ૨૧ બૃહત્ ગદ્યાત્મક શ્રવ્ય કાવ્યો.
" ૨૨ લઘુ પદ્યાત્મક શ્રવ્ય કાવ્યો
" ૨૩ સ્તુતિ-સ્તોત્રો
" ૨૪ પાદપૂર્તિરૂપ કાવ્યો, અનેકાર્થી પદ્યો અને વિજ્ઞપ્તિપત્રો
" ૨૫ દૃશ્ય કાવ્યો યાને નાટકાદિ રૂપકો
" ૨૬ અજૈન લલિત સાહિત્યનાં જૈન સંસ્કૃત વિવરણ

ત્રીજા વિભાગનાં પ્રકરણોનાં નામ નીચે પ્રમાણે છે :—

" ૨૭ દર્શનમીમાંસા
" ૨૮ [1]ન્યાય
" ૨૯ યોગ
} ઉપખંડ ૨

" ૩૦ ચરણકરણાનુયોગ
" ૩૧ મન્ત્રશાસ્ત્ર અને કલ્પ
" ૩૨ અનુષ્ઠાન વિધિ
" ૩૩ સ્વમતસમર્થક યાને ખંડનમંડનાત્મક ગ્રંથો
} ઉપખંડ ૩

" ૩૪ પ્રકીર્ણક ગ્રંથો
" ૩૫ જૈન પાઇય કૃતિઓનાં સંસ્કૃત વિવરણો
" ૩૬ અજૈન દાર્શનિક સાહિત્યનાં જૈન સંસ્કૃત વિવરણો
" ૩૭ ઉત્કીર્ણ લેખો ઇત્યાદિ
} ઉપખંડ ૪

## [૫] જૈન સાહિત્યનો કાલક્રમિક ઈતિહાસ

આ જાતના ઈતિહાસની રચનામાં કાલક્રમ કે જે ઈતિહાસનું એક મહત્ત્વનું અંગ છે તે પ્રધાન પદ ભોગવે છે, જ્યારે એ કાલક્રમને મુકાબલે સંપ્રદાય, વિષય અને ભાષા એ બધાં યે ગૌણ રહે છે. આ જાતનો સ્વતંત્ર ઈતિહાસ ગુજરાતીમાં રચવાના જે પ્રયાસો થયા છે તેમાં સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈનું નિમ્નલિખિત પુસ્તક નોંધપાત્ર છે:—

**જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**

આ પુસ્તકમાં કેટલીક ન્યૂનતા રહેલી છે. જેમકે

૧. આને અંગે ડો. સતીશચન્દ્ર વિદ્યાભૂષણે રચેલો નિમ્ન લિખિત ગ્રન્થ નોંધપાત્ર છે:—
"A History of Indian Logic (pp. 157-224) આ ગ્રંથ ઇ. સ. ૧૯૨૧માં છપાવાયો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં દિગંબર સંપ્રદાયનાં પુસ્તકો પૂરતા પ્રમાણમાં નોંધાયા નથી. દ્રાવિડ સાહિત્ય સર્વાંશે નહિ તો લગભગ જતું કરાય છે. જાતજાતની સૂચીઓ અપાઈ છે, પરંતુ વિષયદીઠ સૂચીનો એમાં અભાવ છે.

જૈન સાહિત્યનો આનુષંગિક ઈતિહાસ પ્રો. વિન્તર્નિત્સે રચ્યો છે અને એના અંગ્રેજી અનુવાદને કેટલીક વિદ્યાપીઠોએ અભ્યાસક્રમમાં સ્થાન આપી એની કદર કરી છે તે સ્તુત્ય છે.

આ પ્રમાણે જૈન સાહિત્યનાં પાંચ વર્ગીકરણો મેં અત્ર દર્શાવ્યાં છે.

એટલે હવે હું જૈન સાહિત્યનો સર્વાંગીણ ઇતિહાસ રચવા માટે ઉપયોગી થઇ પડે એવાં પ્રકાશિત તેમજ અપ્રકાશિત પુસ્તકોનો નિર્દેશ કરું છું. આગમિક સાહિત્ય પૂરતો વિભાગ તૈયાર કરવામાં એ વિષયના સ્વતંત્ર પુસ્તકો તરીકે નીચે મુજબનાં ગણાવી શકાય :—

(૧) [૧]Descriptive Catalogue of the Government Collections of manuscripts ( Vol. XVII ). આ પાંચ ભાગમાં વિભક્ત છે. એ અનુક્રમે ઈ. સ. ૧૯૩૫, ૧૯૩૬, ૧૯૪૦, ૧૯૪૮ અને ૧૯૫૪માં પ્રકાશિત થયા છે.

(૨) આર્હત આગમોનું અવલોકન યાને તત્ત્વરસિક ચન્દ્રિકા ( ભા. ૧ ). આ. ઈ. ૧૯૩૯માં પ્રસિદ્ધ થયા બાદ એના બાકીના ભાગ છપાવવાનું માંડી વળાયું છે.

(૩) A History of the Canonical Literature of the Jains.

(૪) આગમોનું દિગ્દર્શન આ ઈ. સ. ૧૯૪૮માં છપાવાયેલા પુસ્તકની મેં પૂરા પાડેલા ખર્ચે છપાયેલી તમામ નકલો વેચાઈ ગઇ છે.

(૫) પ્રવચનકિરણાવલી. આના કર્તા શ્રીવિજયપદ્મસૂરિ છે. એમણે આગમોનું દિગ્દર્શન નામનું ઉપર્યુક્ત મારું પુસ્તક જોઈ એ દ્વારા પ્રેરણા મેળવી આ કિરણાવલી રચી છે. એમાં એમણે આગમોમાં આવતા વિષયોની વિસ્તારથી નોંધ લીધી છે. એમ કરતી વેળા આગમોનાં વિવરણગત વિષયોને પણ જાણે એ મૂળગત વિષય ન હોય તેમ ભેળવી દીધા છે. જો આ બંને પ્રકારના વિષયોને પૃથક્ પૃથક્ સ્થાન અપાયું હોત તો આ પુસ્તકના મહત્ત્વમાં વૃદ્ધિ થાત. આ પુસ્તકમાં એ તૈયાર કરવા માટે કામમાં લેવાયેલા ગ્રન્થોનો નિર્દેશ નથી તેમજ પ્રકાશન વર્ષનો પણ નથી. હવે પછીની આવૃત્તિમાં આ બાબતોમાં ઘટતું કરવા મારી તેના પ્રણેતાને સાદર વિજ્ઞપ્તિ છે. સાંભળ્યા મુજબ આ પુસ્તક હવે મળતું નથી. જો એમ જ હોય તો એ સત્વર ફરી પ્રકાશિત થવું ઘટે.

(૬) પિસ્તાલીશ આગમો. આમાં આગમોની રૂપરેખા આલેખાઈ છે. આ પુસ્તક ઈ. સ. ૧૯૫૪માં પ્રકાશિત થયું તેવામાં આ પુસ્તકની પુરવણી રૂપે, અવશિષ્ટ અને અનુપલબ્ધ આગમોનો સંક્ષિપ્ત પરિચય પૂરો પાડનારું. પુસ્તક તૈયાર કરવા મને કેટલાક મુનિવરાદિએ સૂચના કરતાં મેં એ કાર્ય કર્યું હતું પરંતુ આજે તો એ લખાણ અપ્રકાશિત છે.

જૈન સાહિત્યનો સર્વાંગીણ ઇતિહાસ રચનારે પ્રાદેશિક ભાષાઓમાં રચાયેલી જૈન કૃતિઓના ભાષાદીઠ ઇતિહાસનાં પુસ્તકો જોવાં ઘટે, આવાં પુસ્તકો કઈ ભાષામાં રચાયાં છે તે જાણવું બાકી રહે છે. શ્રી કામતાપ્રસાદ જૈને **हिन्दी जैन साहित्यका संक्षिप्त इतिहास** નામનું પુસ્તક રચ્યું છે. એ ઈ. સ. ૧૯૫૪માં પ્રસિદ્ધ થયેલા પુસ્તકમાં હિન્દીમાં રચાયેલી

---

૧ આને અંગેના જૈન વિભાગની લગભગ પાંચ હજાર હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર તૈયાર કરવા માટે મને "ભાંડારકર પ્રા. સં. મંદિર" તરફથી ઇ. સ ૧૯૩૦માં આમંત્રણ મળતાં મેં એ કાર્ય ઇ. સ. ૧૯૩૬ સુધીમાં પૂરું કરી એ સંસ્થાને સોંપી દીધું છે. અત્યારસુધીમાં ૧૭મા ખંડ (*volume*)ના પાંચે ભાગ, ૧૮ માનો પ્રથમ ભાગ તેમજ ૧૯માનો પ્રથમ ભાગ છપાઇ ગયો છે –પ્રકાશિત થએલા છે, જ્યારે ૧૮ માના ચાર ભાગ, ૧૯માનો બીજો ભાગ અને વીસમાના ચારે ભાગ અપ્રકાશિત છે. હાલમાં ૧૯મા ખંડનો બીજો ભાગ છપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલીક શ્વેતાંબર કૃતિનો પણ સંક્ષિપ્ત પરિચય અપાયો છે.

તામિલ ભાષામાં કઈ કઈ જૈન કૃતિઓ રચાઈ છે તે જાણવા માટેનું એક સાધન તે પ્રો. એ. ચક્રવર્તીએ રચેલ Jaina Literature in Tamil છે. એ આરાના "જૈન સિદ્ધાન્ત ભવન" તરફથી ઈ. સ. ૧૯૪૧માં પ્રકાશિત કરાયેલ છે.

ગુજરાતીમાં જાતજાતના જૈન ગ્રંથો પુષ્કળ પ્રમાણમાં રચાયેલાં છે એમ જૈન ગુર્જર કવિઓના ત્રણ[1] ભાગ જોતાં જણાય છે, પરંતુ ગુજરાતી જૈન સાહિત્યનો ઇતિહાસ જેવું કોઈ સ્વતંત્ર પુસ્તક પ્રકાશિત થયેલું હોય એમ જોવા જાણવામાં નથી. જૈનોને હાથે જે "ફાગુ" તરીકે ઓળખાતાં કાવ્યો રચાયાં છે તેને[2] પ્રાચીન ફાગુ-સંગ્રહમાં સ્થાન અપાયું છે.

ગુજરાતી સાહિત્યના સંક્ષિપ્ત કે વિસ્તૃત પરિચય કે ઇતિહાસને અંગે અત્યાર સુધીમાં જે પુસ્તકોમાં ગુજરાતી જૈન સાહિત્યને ઓછેવત્તે અંશે સ્થાન અપાયું છે, તેની નોંધ મેં "ગુજરાતી જૈન સાહિત્યનો ઇતિહાસ" નામના મારા[3] લેખમાં લીધી છે.

ઉપલબ્ધ જૈન સાહિત્યના આગામિક અને અનાગમિક એ બંને પ્રકારને અંગે શ્વેતાંબરોનો ફાળો છે, જ્યારે દિગંબરોનો ફાળો કેવળ અનાગમિક સાહિત્ય પૂરતો છે.

પ્રો. જોહાનિસ હર્ટલે "On the Literature of the Shvetambaras of Gujarat" નામનું પુસ્તક રચી એ દ્વારા ખાસ કરીને જૈન કથા સાહિત્ય ઉપર પ્રકાશ પાડ્યો છે. આ ૨૬ પૃષ્ઠોનું અંગ્રેજીમાં લખાયેલું પુસ્તક લાઇપ્ઝિગ[4] (Leipzig) થી ઈ. સ. ૧૯૨૨માં પ્રકાશિત કરાયું છે.

પં. નાથુરામ પ્રેમીએ **जैन साहित्य और इतिहास** નામના પુસ્તકમાં કેટલાંક દિગંબર ગ્રન્થકારો અને ગ્રન્થો વિષે તેમજ યાપનીય સંપ્રદાય વિષે મહત્ત્વની માહિતી પૂરી પાડી છે. આનું પ્રથમ સંસ્કરણ ઈ. સ. ૧૯૪૨માં છપાયું હતું. એનું સંશોધિત અને પરિવર્ધિત દ્વિતીય સંસ્કરણ ઈ. સ. ૧૯૫૬માં બહાર પડયું છે. એની સાત વિશેષતાઓ દર્શાવાઇ છે. તેમાંથી સૌથી પ્રથમ એ છે કે એમાં આચાર્ય, સૂરિ, મહાકવિ, સ્વામી, ભગવત્ ઇત્યાદિ પદવીઓ ન લખતાં કેવળ નામ અપાયાં છે પણ એ અસમ્માનની ભાવનાથી એમ કરાયું નથી એમ સ્પષ્ટપણે કહેવાયું છે. વિશેષમાં ચાર લેખ ઉમેરાયા છે.

DCGCMના ખંડ ૧૮-૨૦ જૈન અનાગમિક સાહિત્યને લગતા છે. અનાગમિક સાહિત્યનું એક અંગ તે 'ન્યાય' છે, ન્યાયને લગતા જે ગ્રંથો શ્વેતાંબરો તેમજ દિગંબરોએ રચ્યા છે તે પૈકી કેટલાકની નોંધ મેં DCGCM ( Vol. XVIII )ના ઈ. સ. ૧૯૫૨માં પ્રસિદ્ધ થયેલા પ્રથમ ભાગમાં લીધી છે. સાથે સાથે એની પ્રસ્તાવના(પૃ. ૭-૧૮)માં જૈન ન્યાય, કર્મ-સિદ્ધાન્ત, જ્ઞાનમીમાંસા ઇત્યાદિ વિષે કેટલીક માહિતી આપી છે. આ જ ભાગમાં દર્શનશાસ્ત્ર(philosophy)ને અંગે કેટલાક શ્વેતાંબરીય ગ્રંથો વિષે નોંધ લીધી છે અને એ કાર્ય બીજા બે ભાગ સુધી ચાલુ રાખી દિગંબરીય ગ્રંથોને ચોથા ભાગમાં સ્થાન આપ્યું છે.

DCGCM ( Vol. XIX ) સ્તુતિ-સ્તોત્રોને લગતો ખંડ છે. એના બે વર્ષ ઉપર (ઈ સ.૧૯૫૭માં) છપાયેલા પ્રથમ ભાગમાં શ્વેતાંબરીય સ્તુતિ, સ્તોત્રો રજૂ કરાયાં છે, જ્યારે બીજા ભાગમાં કેટલાંક બીજા શ્વેતાંબરીય સ્તોત્રો તેમજ દિગંબરીય સ્તોત્રોને સ્થાન અપાયું છે.

---

૧ આના બે ખંડ પડાયા છે બીજા ખંડ (પૃ. ૧૭૮૩-૧૭૯૬)માં હિન્દી કૃતિઓની સૂચી અપાઇ છે.

૨. આ પુસ્તક પ્રસિદ્ધ થયું તે પૂર્વે જૈન ફાગુઓ રજૂ કરતા પુસ્તકના પ્રકાશનની આવશ્યકતા દર્શાવવાપૂર્વક એ ફાગુઓ વિષે કેટલીક માહિતી મારા લેખ નામે "આપણાં 'ફાગુ' કાવ્યો"માં આપી હતી. આ લેખ "જૈન સત્યપ્રકાશ" (વ. ૧૧, અં. ૬)માં પ્રસિદ્ધ થયો છે.

૩. આ લેખ "આત્માનંદ પ્રકાશ" (પૃ. ૫૬, અં. ૮) માં છપાયો છે.

૪. કેટલાક આનો ઉચ્ચાર 'લિપ્ઝિગ' કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



DCGCM ( Vol. XX )માં મુખ્યત્વે કરીને જૈન કથાસાહિત્ય તેમજ કેટલુંક અવશિષ્ટ સાહિત્ય વિચારાયેલ છે.

'મહત્તરા' યાકિનીના ધર્મપુત્ર હરિભદ્રસૂરિના જીવન-વૃત્તાંત અને કૃતિકલાપનો વિસ્તૃત પરિચય પૂરું પાડતું એક પુસ્તક મેં યોજ્યું છે. એનું નામ "મહત્તરા યાકિનીના ધર્મસુનુ શ્રી હરિભદ્રસૂરિ : જીવન અને કવન" રખાયું છે. આ પુસ્તક વડોદરાની "શ્રી સયાજી સાહિત્યમાલા"માં પ્રકાશિત કરવા માટે તા. ૧૭-૭-'૫૨ને રોજ નિર્ણય કરાયો હતો, એ હિસાબે આ પુસ્તક સત્વર પ્રકાશિત થવું ઘટે.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ પાઇય, સંસ્કૃત, ગુજરાતી તેમ જ હિન્દીમાં વિવિધ વિષયોને લગતા ગ્રન્થો રચ્યા છે. એ તમામના યથા-શક્ય પરિશીલનરૂપે મેં "યશોદોહન" નામનું પુસ્તક રચ્યું છે. એમાં એ ગણિવર્યની જીવનરેખા પણ મેં આલેખી છે.

આમ જેમ મેં બે શ્વેતાંબર મુનિવરોની સાહિત્યિક કૃતિઓની માહિતી આપી છે તેમ અન્ય જૈન ગ્રંથકારો માટે જે પ્રકાશિત સામગ્રી મળતી હોય તે જૈન સાહિત્યનો સર્વાંગીણ ઇતિહાસ રચવા માટે કામમાં લઈ શકાય.

જૈન સાહિત્યને અંગે પંદરેક લાખ હસ્તલિખિત પ્રતિઓ છે. આ સંબંધમાં કેટલાંક સૂચીપત્રો પ્રકાશિત થયાં છે એમાં વિવિધ ભંડારોની હસ્તલિખિત પ્રતિઓની નોંધ જિનરત્નકોશ(૧ગ્રન્થવિભાગ)માં પ્રો. હરિ દામોદર વેલણકરે સૌથી વધારે પ્રમાણમાં લીધી છે. આ ગ્રન્થવિભાગ અમુક અંશે અપૂર્ણ છે એટલું જ નહિ પણ એમાં કેટલાક ઉલ્લેખો ભ્રાન્ત પણ છે. તેમ છતાં પ્રસ્તુત ઇતિહાસ રચવામાં આ પુસ્તક ઉપયોગી થઈ પડે તેમ છે. જો એના બીજા વિભાગ-રૂપ ગ્રન્થકારવિભાગ પ્રકાશિત થયો હોત તો "Onomasticon of the Jaina Writers"ની ગરજ સારત. રચના માટે D C G C M Vols. (XVII–XX)ને અંગેનું પ્રથમ પરિશિષ્ટ કામ લાગે તેમ છે "પાર્શ્વનાથ વિદ્યાશ્રમ" તરફથી જૈન સા-હિત્યનો ઇતિહાસ જે હિન્દીમાં તૈયાર થતાં છપાવાનો છે તેમાં, મેં જે ઉપર્યુક્ત ચારે ખંડોના પ્રથમ પરિશિષ્ટમાં ગ્રન્થકારના નિર્દેશની સાથે એમની કૃતિઓની પણ નોંધ લીધી છે તેવી નોંધ લેવાશે તો આ દિશામાં એક મહત્ત્વનું પગલું ભરેલું ગણાશે. **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** જે મેં રચ્યો છે તેમાં પ્રથમ પરિશિષ્ટમાં આ રીતે ગ્રન્થકારોની નોંધ લેવાની મારી ઇચ્છા અને તૈયારી પણ હતી, પરંતુ એથી પુસ્તકનું કલેવર વધી જતાં પ્રકાશનખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોવાથી મેં એ વાત જતી કરી છે.

**[૨]કન્નડ પ્રાન્તીય તાડપત્રીય ગ્રન્થસૂચી** – આ પુસ્તકમાં સંસ્કૃત, પાઇય અને કન્નડ યાને કાનડી ભાષામાં રચાયેલા ગ્રંથોની ૩૫૬૮ તાડપત્રીય અને થોડીક કાગળ ઉપર લખાયેલી હાથપોથીઓની નોંધ છે. એ જૈન સાહિત્યના સર્વાંગીણ ઇતિહાસ રચવા માટે એક મહત્ત્વનું સાધન છે. આ પુસ્તક "ભારતીય જ્ઞાનપીઠ, કાશી" તરફથી ઈ. સ. ૧૯૪૮માં પ્રસિદ્ધ કરાયું છે.

વર્ણનાત્મક સૂચીપત્રો તરીકે મેં તૈયાર કરેલા ઉપર્યુક્ત ચાર ખંડ પૂરતું સૂચીપત્ર ઉપરાંત નિમ્ન લિખિત બે સૂચીપત્રો પ્રસ્તુત ઇતિહાસ રચવામાં ઉપયોગી થઇ પડે તેમ છે :—

(૧) પત્તનસ્થ ભાંડાગારીય ગ્રન્થસૂચી.

(૨) જેસલમેરના ભંડારોનું વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીએ તૈયાર કરેલું સૂચીપત્ર.

જૈન ગ્રંથો પ્રકાશિત કરનારી કેટલી યે નાની

૧. આ પ્રથમ ખંડ ભાં. પ્રા. સં. મંદિર તરફથી ઈ.સ. ૧૯૪૪માં છપાવાયો છે.

૨ આને અંગેની માહિતી તેમ જ એમાં નિર્દેશાયેલા કેટલાંક પુસ્તકોની માહિતી મેં જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ. ૩૧૪, ૩૧૫ ઇત્યાદિમાં આપી છે).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટી સંસ્થાઓ છે. [1]એના સંચાલકો પોતપોતાની સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથોની સવિસ્તર માહિતી પૂરી પાડનારી સૂચી છપાવે તો આ કાર્યમાં તે સહાયક થઈ પડે.

કેટલાયે જૈન ગ્રન્થોના અંતમાં એના કર્તાઓએ અને કોઈ કોઈ વાર એના ભક્તોએ પ્રશસ્તિ રચી છે. વળી જૈન હસ્તલિખિત પ્રતિઓમાંની કેટલી યે પુષ્પિકાઓથી અલંકૃત છે. એ પુષ્પિકાઓ પણ જૈનોના જ ઇતિહાસાદિ માટે ઉપયોગી છે એમ નહિ, પરંતુ એ ભારતીય ઇતિહાસ-ભૂગોળને માટે પણ કામમાં આવે તેમ છે. એથી તો જૈન હસ્તલિખિત પ્રતિઓના વર્ણનાત્મક સૂચીપત્રો એ પ્રતિઓના માલિકો તરફથી પ્રસિદ્ધ થવાં ઘટે.

DCGCM(Vol. XVII–XX)માં પ્રશસ્તિઓ તેમજ પુષ્પિકાઓ અપાઇ છે. પ્રો. પિટર્સન જેવાના હેવાલોમાં પણ કોઈ કોઈ વાર એનાં દર્શન થાય છે, પરંતુ આને અંગેના સ્વતંત્ર પુસ્તકો બહુ જ થોડાં પ્રકાશિત થયાં છે. આવાં બે પ્રકાશિત પુસ્તકો નીચે મુજબ છે:—

(૧) **પ્રશસ્તિસંગ્રહ** આ "દેશવિરતિ ધર્મારાધક સમાજ" તરફથી અમદાવાદથી વિ. સં. ૧૯૯૩માં પ્રસિદ્ધ કરાયો છે. એ જૈન સાહિત્યનું જે પ્રદર્શન ભરાયું હતું તેના ફળરૂપ છે.

(૨) **જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ** (પ્રથમ ભાગ). આ સંગ્રહ "સિંધી જૈન ગ્રન્થમાળા"માં ગ્રંથાંક ૧૮ તરીકે ઈ. સ. ૧૯૪૩માં છપાવાયો છે.

**ધાતુપ્રતિમા લેખસંગ્રહ તેમજ શિલાલેખો**– આને અંગેનાં પુસ્તકો પણ ઇતિહાસની રચના માટે મહત્ત્વની સામગ્રી પૂરી પાડે તેમ છે.

કેટલાક જૈન ગ્રંથોને અંગે મનનીય પ્રસ્તાવના લખાઇ છે. તેમજ જૈન સાહિત્યના ઇતિહાસ માટે ઉપયોગી થઇ પડે એવા લેખો પણ પ્રકાશિત થયેલા છે. કેટલાક મહિના ઉપર "The Voice of Ahinsa" (Vol. VI, No. 10)માં ડૉ. ક્લાઉસ બ્રુન (Klaus Bruhn)નો "Jain studies in Germany" નામનો[2] લેખ છપાયો છે. એમાં પ્રો. વેબર વગેરે જર્મન વિદ્વાનોએ જૈન સાહિત્ય અંગે જે પ્રશંસનીય કાર્ય કર્યું છે તેની નોંધ કરાઇ છે.

આ પ્રમાણે પ્રસ્તુત ઇતિહાસ રચવા માટે વિવિધ સામગ્રી કામ લાગે તેમ છે અને આજનો સમય પણ એ માટે અનુકૂળ છે. એથી આ કાર્ય સત્વર હાથ ધરાવું જોઈએ. સૌથી પ્રથમ પ્રસ્તુત ઇતિહાસ ગુજરાતીમાં અથવા તો હિન્દીમાં પ્રકાશિત થવો ઘટે. તેમ થયા બાદ આ બેમાંથી જે ભાષામાં ઇતિહાસ ન લખાયો હોય તેમાં, સુધારાવધારા સાથે ઇતિહાસ છપાવવો જોઈએ કાલાંતરે એમાં ખાસ ઉમેરવા જેવું ન જણાય એવે સમયે આપણા દેશની અન્ય મુખ્ય ભાષાઓમાં તેમજ અંગ્રેજીમાં પણ એના અનુવાદો પ્રકાશિત થવા જોઇએ. તેમ થશે ત્યારે જૈન સાહિત્યનું સાચું અને સંપૂર્ણ મૂલ્ય અંકાશે અને જગતભરનાં જૈનોના ઉત્તમ ગ્રંથો અને એના પ્રણેતાઓની સમુચિત પ્રશંસા થશે.

---

૧ દા. ત. જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર (સભાષ્યાદિ)ના પ્રથમ વિભાગના અંતમાં દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી છપાયેલું સૂચિપત્ર.

૨. આ લેખનું સુધારાવધારા સહિતનું ડૉ. અરુણોદય ન. જાનીએ કરેલું ગુજરાતી ભાષાંતર "જૈનયુગ" (જાન્યુઆરી ૧૯૫૯)માં પ્રકાશિત કરાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ગ્રંથો

### ભગવાનના ચરિત્રો

| | |
|---|---|
| ૧ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| ૨ શ્રી શાન્તિનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ. ૨ | ૨-૮-૦ |
| ૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૩-૦-૦ |
| ભારે કાગળ | ૧૫-૦-૦ |
| ૫ તીર્થંકર ચરિત્ર ચોવીશ તીર્થંકરોના ચરિત્રો તથા ચોવીશે પંચરંગી ચિત્રો સાથે | ૬-૦-૦ |

### ચરિત્રો વિગેરે

| | |
|---|---|
| ૬ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ જો | ૨-૦-૦ |
| ૭ કથારત્ન કોશ ભા. ૧ લો. | ૮-૦-૦ |
| ૮ ,, ,, ભા. ૨ જો. | ૬-૦-૦ |
| ૯ દમયંતી ચરિત્ર | ૬-૮-૦ |
| ૧૦ સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| ૧૧ શ્રી વિજયાનંદ સૂરિ (રા. સુશીલ) | ૦-૮-૦ |
| ૧૨ વસુદેવહિંડી [ગુજરાતી ભાષાંતર] | ૧૫-૦-૦ |

### પૂજા અને કાવ્ય

| | |
|---|---|
| ૧૩ આત્મવલ્લભ પૂજાસંગ્રહ | ૩-૦-૦ |
| ૧૪ ચૌદ રાજલોક પૂજા | ૦-૪-૦ |
| ૧૫ નવાણું અભિષેક પૂજા | ૦-૪-૦ |
| ૧૬ વીશ સ્થાનક પૂજા (અર્થવાળી) | ૧-૪-૦ |
| ૧૭ સમ્યગ્ દર્શન પૂજા | ૦-૪-૦ |
| ૧૮ ચારિત્રપૂજાદિ ત્રયી સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૯ જૈન ઐતિહાસિક કાવ્ય-સંગ્રહ | ૨-૧૨-૦ |
| ૨૦ કાવ્ય સુધાકર | ૨-૮-૦ |
| ૨૧ કુમાર વિહારશતક | ૦-૧૨-૦ |
| ૨૨ ચૈત્યવંદન સમીક્ષા | ૫-૦-૦ |
| ૨૨ સજ્ઝાયમાળા ( ભીમશી ) | ૪-૮-૦ |
| ૨૪ આત્મકાન્તિ પ્રકાશ | ૦-૮-૦ |

### તત્ત્વ અને હિતોપદેશાદિ

| | |
|---|---|
| ૨૫ તત્ત્વનિર્ણયપ્રાસાદ | ૧૦-૦-૦ |
| ૨૬ આરંભસિદ્ધિ | ૧૦-૦-૦ |
| ૨૭ જૈન તત્ત્વસાર | ૧-૦-૦ |
| ૨૮ ધર્મબિન્દુ ( આવૃત્તિ બીજી ) | ૩-૦-૦ |
| ૨૯ આચારોપદેશ | ૧-૦-૦ |
| ૩૦ અનેકાન્ત ( ગુજરાતી ) | ૧-૦-૦ |
| ૩૧ " ( ઇંગ્લીશ ) | ૨-૦-૦ |
| ૩૨ નમસ્કાર મહામંત્ર | ૧-૦-૦ |
| ૩૩ જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર | ૧-૦-૦ |
| ૩૪ પંચ પરમેષ્ટી ગુણ રત્નમાળા | ૧-૮-૦ |
| ૩૫ પ્રકરણ પુષ્પમાળા ભા. ૨ જો | ૧-૦-૦ |
| ૩૬ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ | ૧-૮-૦ |
| ૩૭ જ્ઞાનપ્રદીપ ભા. ૧ લો | ૪-૦-૦ |
| ૩૮ " ભા. ૨ જો | ૪-૦-૦ |
| ૩૯ " ભા. ૩ જો | ૨-૦-૦ |
| ૪૦ આત્માનંદ જન્મશતાબ્દિ અંક | ૨-૮-૦ |
| ૪૧ સાધુ-સાધ્વી આવશ્યક સૂત્ર દેવનાગરી લીપીમાં | ભેટ |
| ૪૨ " ગુજરાતી લીપીમાં | " |
| ૪૩ કથાદીપ | ૧-૦-૦ |
| ૪૪ ધર્મકૌશલ્ય | ૧-૧૨-૦ |

તા. ક.—દિપોત્સવી સુધીમાં ઉપરના ગુજરાતી—સંસ્કૃત ગ્રંથો મંગાવનારને રૂા. ૨૫) ની કીંમતના પુસ્તક ઉપર સવા છ, રૂા. ૫૦ ઉપર સાડાબાર અને એકસો ઉપર ૨૦ ટકા કમીશન કાપી આપવામાં આવશે.

**લખો :—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર (સૌરાષ્ટ્ર)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# अशान्तस्य कुतः सुखम् ?

'અશાન્તને સુખ શાનું ?' એમ કહીને એ શબ્દો એવું સૂચન કરે છે કે શાંતિ એ જ સુખની પૂર્વ ભૂમિકા છે. અશાંત રહીને સુખની શોધમાં આથડવું એ તો સળગતી સગડી માથે મૂકીને પછી ટાઢકની તલાશમાં આંટા મારવા બરાબર છે.

પણ આ 'શાંતિ' છે શું ?

આપણા રોજના પ્રાકૃત વપરાશથી જે અનેક શબ્દો પોતાની મૂલગત અર્થ મૂડીને ખોઇ બેઠા છે તેમાંનો એક શબ્દ છે—આ શાંતિ ! રાજકારણી પુરુષોએ તો એ બિચારા શબ્દને જાણે પોતાની બાજુનું એક સોગઠું જ બનાવી દીધેલ છે ! 'શાંતિ' એ તેમને મન તેમની સગવડ પ્રમાણેની જગતની વ્યવસ્થાનું બીજું નામ છે ! પરિણામે યુદ્ધનું બીજું નામ છે !

'શાંતિ' શબ્દ 'શમ્' ધાતુ ઉપરથી યોજાયો છે; મનમાં જે વિકારે ઊઠે તેને સમજણપૂર્વક દબાવી દેવા, તેનું શમન કરવું, એ શાંતિ. ઇન્દ્રિયો બિચારી મનને આધીન છે અને મન ક્ષણે ક્ષણે નવી વાસનાઓના તુક્કા ઉઠાવી ઉઠાવીને જાતે દુઃખી થાય છે અને ઇન્દ્રિયોને પણ હેરાનપરેશાન કરી મૂકે છે ? દાખલા તરીકે પેટ તો બિચારૂં બાજરાના અર્ધા રોટલાથી ચલાવી લેવા તૈયાર હોય છે, પણ મન એનામાં છપ્પન ભોગની લાલસા જગાડીને એને આકુળવ્યાકુળ બનાવી મૂકે છે ! એટલે કુશળ ડૉકટર જેમ રોગના મૂળને પકડી પાડીને પછી જ તેનો ઇલાજ કરે છે તેમ શ્રીકૃષ્ણ દુઃખરૂપી રોગના મૂળને પકડી પાડીને પછી તેનો અમોઘ પ્રતિકાર–રામબાણ ઇલાજ આ ત્રણ શબ્દોદ્વારા સૂચવે છે. એટલે મનની શાંતિ કેળવો, વિકારોનું શમન કરો. સુખ ઈન્દ્રિયોને ફટવવામાં નથી, મનના સંયમમાં છે

'અખંડ આનંદ'માંથી

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only